# હવે લગ્નવિચ્છેદ સમારોહ પણ શરૂ થાય તો નવાઈ ન પામતા

ન બોલવામાં નવ ગુણ
★ નટવર પંડયા

ઇલેક્ટ્રીક વાયરીંગમાં કોઈ બે છેડા ભેગા થઈ જાય ત્યારે તિખારા થાય, ભડકા થાય અને આગ પણ લાગે છે. જ્યારે લગ્ન જીવનમાં તેનાથી ઊલટું છે. અહીં તો છેડા છૂટા કરવાના હોય ત્યારે જ સૌથી વધુ તિખારા અને ભડકા થાય છે. જોકે તેનું મૂળ કારણ તો બે છેડા ખોટી રીતે ભેગા કરવામાં આવ્યા હોય તે જ હોય છે. વળી ‘ભેગા થયેલા છેડા’ ખોટા છે તેની ખબર અગાઉથી નથી પડતી. એ તો છેડા છૂટા થાય ત્યારે જ ખબર પડે! લગ્નોત્સુકો પરણે છે તો વાજતે ગાજતે પણ છુટાછેડા ય વાજતે ગાજતે લે તો મુક્તિ ઝંખતા લોકોને પ્રેરણા મળે. છૂટાછેડાને છાપાની ટચૂકડી જાહેરખબરની ભાષામાં ‘નિર્દોષ છૂટાછેડા’ કહેવાય છે. જો બંને ‘નિર્દોષ’ હોય તો દોષ કોનો!? નિર્દોષ હોય તો છૂટાછેડા શા માટે થાય!?

કોઈ સેલિબ્રિટીઝ છૂટાછેડા લે ત્યારે એવા ન્યુઝ વાંચવા મળે કે ‘ફલાણા -ઢીંકણા પંદર વર્ષનું લગ્નજીવન નિભાવીને સમજદારીથી છૂટા પડ્યા.’ ‘અલ્યા, સમજદારી હોય તો છૂટા જ શું કામ શું પડે!’ તેથી અમારા મનમાં વિચાર(!?) સ્ફૂર્યો કે જે રીતે લગ્ન સમારોહ યોજવામાં આવે છે. એ જ રીતે ‘લગ્નવિચ્છેદ સમારોહ’ યોજવામાં આવે. એવો રિવાજ શરૂ થાય તો તે કેવો હોઈ શકે!

ગોર મહારાજ લગ્ન કરાવે પણ લગ્ન વિચ્છેદ ન કરાવે. તેથી લગ્ન વિચ્છેદ માટે મહારાજ નહીં પણ ‘લગ્ન વિચ્છેદના સ્પેશિયાલિસ્ટ એવા બખડજંતર બાબાને શોધવા પડે.’ (અહીં બખડજંતર બાબા નામ કાલ્પનિક છે.)

મહારાજ શુભ મુહૂર્તો જોઈ આપે પણ અશુભ મૂહુર્ત જોવડાવવા બખડજંતર બાબા પાસે જવું પડે. આમ છતાં બખડ જંતર બાબાએ જે દિવસનું છૂટાછેડાનું અશુભ મુહૂર્ત કાઢી આપ્યું હોય તે દિવસે છૂટાછેડા ન થાય તો બાકીના ઉમેદવારો તરત જ કહેશે કે આ નહીં, કોઈ બીજા બખડજંતર બાબા બતાવો. આમનું રિઝલ્ટ પરફેક્ટ નથી.

સૌ પ્રથમ તો જેમ લગ્નગાળો હોય છે તેમ ‘લગ્નવિચ્છેદગાળો’ પણ હશે. જેમ દિવાળી પછી અમુક તમુક દિવસો સુધી શુભ મુહૂર્તોમાં લગ્નગાળો હોય છે. તો તે સિવાયના દિવસોમાં કમુરતામાં ‘લગ્ન વિચ્છેદગાળો’ હશે. તેમાં પણ સૌ પ્રથમ તો ‘લગ્નવિચ્છેદોત્સુક’ દંપતીના વડીલો બખડ જંતર બાબા પાસે મુહૂર્ત કઢાવવા જશે. એટલે બાબા મૂહુર્ત જોઈ આપશે.

જો આ પ્રકારનો ‘લગ્ન વિચ્છેદ સમારોહ’નો રિવાજ લગ્ન બજારમાં પ્રચલિત થાય તો પછી વિવિધ કલર ડિઝાઇનવાળી લગ્ન વિચ્છેદની કંકોત્રીઓ પણ બજારમાં મળતી થાય. પણ જો હજુ લગ્ન વિચ્છેદ સમારોહ પરંપરાની શરૂઆત જ હોય તો આવી કંકોત્રીઓ બજારમાં ઉપલબ્ધ ન પણ હોય. તો આવી કંકોત્રીઓનું ડ્રાફ્ટિંગ જાતે જ કરવું પડે છે. પછી લાકડા છાપ લગ્ન વિચ્છેદ સમારોહનું મુહૂર્ત નક્કી થયા પછી તરત જ કંકોત્રી છપાવવાની નોબત આવે. અહીં પણ કંકોત્રી પસંદ કરવી પડે. લગ્ન વિચ્છેદ માટે મોટાભાગના લોકો કાળા રંગની કંકોત્રી પસંદ કરશે. પણ આ સેડ (sad) પ્રસંગને અનુરૂપ કંકોત્રીઓના બ્લેક કલરમાં પણ જુદા જુદા શેડ (shade)મળશે. લગ્ન કંકોત્રીમાં સામાન્ય રીતે સ્વસ્તિકનું શુભ ચિહ્ન હોય છે. તેની જગ્યાએ



લગ્નવિચ્છેદ કંકોત્રીમાં ‘ખોપરી નીચે ક્રોસમાં રહેલા બે હાડકાવાળુ ડેન્જર’ નું અશુભ ચિહ્ન હશે. આ કંકોત્રીના બંને ખૂણા પર ચોપર, તલવાર, બરછી, લાકડી, હોકી, ધોકા વગેરેના નાના છતાં ઊડીને આંખે વળગે એવા પ્રેરણાદાયી ચિત્રો હશે. અને વચ્ચોવચ ઘુવડનું ચિત્ર હશે. એકમાત્ર આ પ્રસંગ જ એવો હશે કે જેમાં બીજા કોઈ દેવી દેવતાઓને અને ગણપતિદાદાને નોતરવામાં આવ્યા નહીં હોય. આમ છતાંય છૂટાછેડા પર આવી ગયેલા (કુ)પાત્રો ગણપતિબાપાને મનોમન પ્રાર્થના તો કરતા જ હોય કે ‘હે પ્રભુ આ પ્રસંગ નિર્વિઘ્ને પાર પડે અને કોઈ હવનમાં હાડકા ન નાખે તે જોજો. માંડ સુખેથી જીવવાની તક મળી છે.’ કહેવાય છે કે સાચા હૃદયથી કરેલી પ્રાર્થના પ્રભુ ચોક્કસ સાંભળે છે.

અહીં લગ્નવિચ્છેદની કંકોત્રીઓમાં પણ લગ્ન કંકોત્રીની જેમ જ લખાણ કલાત્મક હશે. પણ તેમાં ‘જે તે મુદ્દા અને કળા’ લગ્ન કંકોત્રી કરતા લગભગ વિરુદ્ધ પ્રકારના હશે. જેથી કેટલીકવાર તે કંકોત્રી કરતાં શો કોઝ નોટિસ જેવી વધારે લાગશે. છતાં પણ લગ્ન કંકોત્રી કરતા આ કંકોત્રી વધુ ઈન્ટરેસ્ટિંગ બની રહેશે. લગ્નવિચ્છેદની કંકોતરી જ કલાકારની સાચી કસોટી છે. ટૂંકમાં આ આખેઆખો પ્રસંગ જ કસોટીનો બની રહેશે. લાગતા વળગતા એ તેમાંથી આનંદ શોધી લેવો. આમાં કંકોત્રીના ડ્રાફ્ટિંગનો મુદ્દો પણ એટલો જ અગત્યનો હશે. આ કંકોત્રીમાંનું લખાણ કંઈક આવું હશે

**જો સમૂહ લગ્નવિચ્છેદ સમારોહ યોજાય તો છૂટાછેડા પછી ત્યાં ને ત્યાં કોઈ પાત્રો એકબીજાને પસંદ પડી જાય તો પુનઃ પ્રભુતામાં પગલાં પણ પાડી શકશે !**

સ્નેહી સ્વજનશ્રી,
શુભચિંતકશ્રી

...સંપૂર્ણ નાખુશી સાથે, ડાચુ બગાડીને, દિલ પર પથ્થર મૂકીને જણાવવાનું કે અમારા વ્યાકુળદેવી માં કરમજલીની અવકૃપાથી તથા અમારા અતૃપ્ત પિતૃઓના શાપથી મૂળ-વરલી નિવાસી,(વરલી મટકાવાળા પણ હાલ જેમનું સરનામું ચોક્કસ નથી) તેવા પાખંડ દુર્ભાગ્યવતી શ્રીમતી પનોતીબેન તથા શ્રી રાહુભાઈની (કુ)પુત્રી વિનાશિકાના લગ્નવિચ્છેદ મૂળ ટક્કરપુરા નિવાસી (હાલ-બેહાલ) અ.દુ. ટણીબેન તથા શ્રીકપટચંદ્રના (કુ)પુત્ર ચિ. વંચિત (MBBS-મુન્નાભાઈ યુનિવર્સીટી) સાથે સંવત 2083 ને કાળી ચૌદશને શનિવારના રોજ નિર્ધારેલ છે. તો આ અશુભ પ્રસંગે ખંડિત થવા થનગની રહેલા દંપતીને સધિયારો પૂરો પાડવા સપરિવાર અવશ્ય ઉપસ્થિત રહેશોજી.

લિ. અંતરના અભિલાષી

નીચે આખા કુટુંબની નામાવલી હશે. જેમાં ડાબી બાજુ પુરુષોના નામ અને બરાબર તેમની સામેની જમણી બાજુ તેમની પત્નીઓના નામ હશે. અહીં ખાસ કાળજીપૂર્વક કંકોત્રીમાં પૂરું ધ્યાનથી જોવું પડશે. નહીં તો કંકોત્રીમાં છપાયેલા પતિ-પત્નીઓના નામ આડાઅવળા છપાઈ જશે તો ‘કોઈનું મીંઢળ કોઈના હાથે’ થશે. તેથી લગ્નવિચ્છેદ સમારોહના સમાંતરે એક નવો કાર્યક્રમ શરૂ થશે. તેથી લગ્નવિચ્છેદ સમારોહની શોભા બગડશે! સોરી બગડશે નહીં પણ ચાર ચાંદ લાગી જશે. કંકોત્રીમાં ચાંદલા અંગે કંઈક આવી નોંધ હશે.

» **ખાસનોંધઃ-** ચાંદલો (પાછો માંગવાની) પ્રથા બંધ છે.

» **જાન (જોખમમાં મુકવાનું) પ્રસ્થાન સમયઃ-** સવારમાં બુંગીયો વાગે ત્યારે

» **લગ્નવિચ્છેદ દુર્ઘટના સ્થળઃ-** રોલરીયા ગ્રાઉન્ડ, સેન્ટ્રલ જેલની સામે, હાડવૈદ્યના દવાખાનાની બાજુમાં, સુરત.

» **સ્વરુચિ ભોજનઃ-** દરેકે ઘેરથી ભરપેટ ભોજન કરીને જ આવવું. અહીં મેનુમાં માત્ર ‘મેથીપાક’ જ હશે.

» **સ્વરૂચી મેથીપાકનો સમયઃ-** અનિશ્ચિત

» **સાંજીની ‘સુરતી’:-** અહીં સાંજીના ગીતને બદલે સૌને ‘સુરતી શબ્દપુષ્પો’થી પોંખવામાં આવશે.

» **સમયઃ-** મધરાતથી જ્યાં સુધી ચાલે ત્યાં સુધી.

અહીં વરરાજાના હાથમાં સ્વરક્ષણ માટે ઓરીજીનલ તલવાર અને કન્યાના હાથમાં કપડાં ધોવાનો મોટો ધોકો હશે. ચાઈના ગેટ ફિલ્મના ‘જાગીરા’ જેવા લાગતા ગોગલ્સ ધારી બખડજંતર બાબા પાન ચાવતા ચાવતા, સિગારેટ ફૂકતા ફૂંકતા શબ્દકોશ બહારના શબ્દો બોલતા બોલતા વરકન્યાને ઊલ્ટા પગે ચાર અમંગળ આંટા ફેરવશે. (આને આંટા કહેવાય ફેરા નહીં.) ચાર આંટા પૂરા થતા જ બખડજંતર બાબા બંનેની છેડાછેડીની ગાંઠ છોડી ‘છૂટાછેડા’ કરી દેશે. જેને ફારગતી પણ કહી શકાય. ફારગતી પછી બંને (કુ)પાત્રો પોતપોતાના જીવનમાં ઈચ્છે તે દિશામાં (અધો)ગતિ કરી શકશે.

લગ્નપ્રસંગ જાનૈયાઓ અને માંડવિયાઓ વિના શોભે નહીં. તો પછી લગ્નવિચ્છેદનો પ્રસંગ પણ જાનૈયાઓ અને માંડવિયાઓ વિના કેમ શોભે! લગ્નમાં મોટાભાગે પરિવારજનો ઉપરાંત શાણા અને સજ્જન માણસો જાનૈયા તરીકે અને માંડવિયા તરીકે હોય છે. જ્યારે અહીં પરિવારના જરૂરી માણસો સિવાય બાકીના બદનામ સગાસંબંધીઓ હશે. અન્ય લોકો પણ અળવીતરા હશે.તેમાં કોઈ પાસામાં જઈ આવેલો હશે, કોઈ પેરોલ જમ્પ કરીને પધાર્યો હશે. કોઈ જામીન પર છૂટ્યો હશે, તો કોઈ ફરાર થયેલો હશે, કોઈ બુટલેગર હશે તો કોઈ હિસ્ટ્રીશીટર હશે. આવા બત્રીસ (અપ)લક્ષણા જાનૈયાઓ હશે. સામે માંડવિયાઓ પણ જાનૈયાના માથા ભાંગે એવા હશે. આ વિધી દરમિયાન જાનૈયાઓ અને માંડવિયાઓના હાથમાં પુષ્પો, સેન્ટ અને પરફ્યુમની બોટલોને બદલે જૂદી બોટલો હશે. તે ઉપરાંત તેઓ હાથમાં હોકી, પાઇપ લઈને ઊભા હશે. સ્ત્રીઓના ગળામાં ચેઇનને બદલે હાથમાં ચેઇન હશે. જે તેમણે કોઈ જ્વેલર્સ પાસેથી નહીં પણ ગેરેજવાળા પાસેથી ખરીદી હશે. વાતાવરણ કોઈપણ ક્ષણે ‘મામલો બીચકે’ એવું હશે. તેથી જ અહીં કોઈ બખેડો ન થાય તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હશે. કારણ કે જેમનો લગ્નવિચ્છેદ થઈ રહ્યો છે તે પાત્રો વચ્ચે વર્ષો સુધી બખેડો જ ચાલ્યો હોવાને કારણે આ નોબત આવી હોય છે. અને અહીં બીજો નવો બખેડો ન થાય તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હશે. પોલીસમાં પણ જે કોઈના છૂટાછેડા થઈ ગયા હશે તેમને આ બંદોબસ્તમાં ખાસ મૂકવામાં આવ્યા હશે. અહીં ‘પરિસ્થિતિ તંગ છતાં કાબુ હેઠળ’ હશે. સામાન્ય રીતે લગ્ન અગ્નિની સાક્ષીએ લેવાય છે. પણ અહીં લગ્નવિચ્છેદ સમારોહ ખાખીની સાક્ષીએ થશે. જો કોઈ અઘટીત ઘટના નહીં બને તો લગ્નવિચ્છેદ સમારોહ ચીર સ્મરણીય બની રહેશે અને તેમાંથી અન્ય દંપત્તિઓને ભરપૂર. પ્રેરણા મળશે. જો આ રીતે લગ્ન વિચ્છેદ સમારોહ યોજાતા રહેશે તો તેમાં પણ ‘સમૂહ લગ્નવિચ્છેદ સમારોહ’ નું આયોજન કરવામાં આવશે. જેથી લોકોનો સમય શક્તિ અને નાણા વેડફાતા બચે. ઉપરાંત સમૂહ લગ્ન વિચ્છેદ સમારોહમાં લગ્ન વિચ્છેદ થયા પછી ત્યાં ને ત્યાં કોઈ પાત્રો એકબીજાને પસંદ પડી જશે તો તેઓ પુનઃ પ્રભુતામાં પગલાં પાડી શકશે.

અત્રે કન્યાના પિતાએ કરેલું કન્યાદાન વરરાજા પાસેથી પાછું મેળવશે અને વરરાજા પોતે ગીરવે મૂકેલી આઝાદી પાછી મેળવશે. આ સાથે જ વરરાજાના સસરા ફલાણાલાલ હવે વરરાજા માટે સિનિયર સિટીઝન અથવા ‘ગાયઝ’ બની જશે અને બધા ભારતીયો મારા ભાઈ બહેન છે એ પ્રતિજ્ઞામાં કન્યાનો પુનઃ સમાવેશ થઈ જશે. પછી દર વર્ષે ડિવોર્સ એનિવર્સરી સેલિબ્રેટ કરવાનો રિવાજ પણ શરૂ થાય તો નવાઈ નહીં!

## ગરમાગરમ

એક મિત્ર ટીવી પર સ્પોર્ટ્સ ઇવેન્ટ જોઈ રહ્યા હતા.હું પણ ત્યાં હતો. તેમાં લોંગ જમ્પ, હાઇજમ્પ વગેરેમાં મેડલ્સ મેળવનાર ખેલાડીઓને રજુ કરી રહ્યા હતા. મારા મિત્રે કહ્યું કે તેના મામાનો દીકરો પણ જંપમાં માસ્ટર છે. તો આમાં તેને ચાન્સ મળે કે નહીં? મેં પૂછ્યું, કયા જમ્પમાં? લોંગ જમ્પ કે હાઇ જંપમાં? તે કહે કે પેરોલ જંપમાં!